## નવેમ્બર-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

નમસ્તે મિત્રો,

ઉત્સવોની શુભકામનાઓ.

આપ સૌ આજીવન સભ્ય સુધારણા ફોર્મ ભરીને મોકલી રહ્યા છો એનો આનંદ છે.

જે મિત્રોને ફોર્મ ભરવાનું હજી બાકી છે તેઓ ફોર્મ ભરીને મોકલશો.

આપમાંથી કેટલાક મિત્રોની ‘પરબ’ ન મળવા વિશેની ફરિયાદ પરિષદને મળે છે.

પરિષદ ઑફિસમાંથી નિયમિત આપના તરફથી મળેલા સરનામે ‘પરબ’ પોસ્ટ થાય જ છે. પરંતુ આપના બદલાયેલાં સરનામાં પરિષદ ઑફિસ પાસે ન હોવાથી સામયિક આપને સમયસર મળતું ન હોય એવું બને. વળી, પ્રત્યેક ગામની પોસ્ટઑફિસના પણ પોતાના પ્રશ્નો છે જ.

મને મહામંત્રી તરીકે ચાર્જ લીધાને  નવેક મહિના થયા છે.

‘પરબ’ ન મળવા વિશે મિત્રોએ મને ફરિયાદ કરી છે. ફરિયાદ કરનારા સૌ મિત્રોનો ટોન એવો રહ્યો કે એવું થવામાં  પરિષદ ઑફિસ જવાબદાર છે.સભ્ય પોતે હકદાર છે એ હક પરિષદ તરફથી પૂરો થતો નથી.

હું ફરિયાદી મિત્રને કહું તમને હું સભ્યપદ સુધારણા ફોર્મ વોટસેપ કરું છું.

તમે ભરીને પરિષદને મોકલી આપો તમારું સાચું સરનામું પરિષદને મળે તો કામ સરળ થાય.

પ્રસ્તુત સંદર્ભમાં મને આપણા આજીવન સભ્ય ભાઈશ્રી એસ.એસ.રાહીનો એક મધુર અનુભવ થયો. એમને બે ત્રણ મહિનાના ‘પરબ’ના અંક મળ્યા ન હતા. એમણે એમના બદલાએલાં ઘરનું સરનામું પરિષદને મોકલ્યું એ સરનામે ‘પરબ’ પોસ્ટ થતું હતું.છતાં એમને મળતું ન હતું.એમણે વિનયપૂર્વ મને વાત કરી. વાત મેં સાંભળી. મેં પરિષદ ઑફિસ જે રીતે કામ કરે છે એ એમને જણાવ્યું.એ આખો સંદર્ભ સમજ્યાં પછી કહ્યું ‘બહેન મને રજીસ્ટર્ડ પોસ્ટથી અંક મોકલાવી શકાય? હું અગાઉથી તમને ૪૦૦□નો મનીઓર્ડર કરી દઉં છું.

પરિષદ મારી પણ છે એને સાથ આપવો એ મારી પણ ફરજ છે.’રાહીસાહેબના પગલે સૌ ચાલે તો ઘણા પ્રશ્નો પરિષદ માટે સરળ બને તેમ છે. સૌનો સાથ પરિષદનો વિકાસ.ફરિયાદ કરવા કરતા જે પ્રશ્નો છે એના માર્ગ સાથે મળીને કરીએ.

K

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિના સભ્ય પ્રો. દર્શનાબહેન ધોળકિયાને ૨૦૨૦નો કુમારચંદ્રક પ્રાપ્ત થયો છે. પરિષદ પરિવાર દર્શનાબહેનને અભિનંદન અને શુભકામનાઓ પાઠવે છે.